◆ ◆ ◆

## બિનસરકારી માધ્યમિક શાળા / ઉચ્ચતર માધ્યમિક શાળાના બિનશૈક્ષણિક કર્મચારીઓને સત્રાંતે નિવૃત્તિના લાભ આપવા અંગે

શિક્ષણ વિભાગ, ક્રમાંક : બમશ-1097-એમએલએ- 6-છ
નવા સચિવાલય, ગાંધીનગર, તા. 27-11-97

પ્રતિ,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

વિષય : બિનસરકારી માધ્યમિક શાળા / ઉચ્ચતર માધ્યમિક શાળાના બિનશૈક્ષણિ કર્મચારીઓને સત્રાંતે નિવૃત્તિના લાભ આપવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વેના આ વિભાગના તા. 29-5-'97ના સરખા ક્રમાંકના પત્ર તથા આપની કચેરીના તા.12-5-'97ના પત્રાંક : ધ-પેન-1-5536-37 તરફ આપનું ધ્યાન દોરવામાં આવે છે.

2. આ બાબતમાં આજ્ઞાનુસાર જણાવવાનું કે, ગુજરાત માધ્યમિક શિક્ષણ ધારો, 1972 ન નિયમોની જોગવાઈ મુજબ બિનસરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઅ સમાન ગણ્યા છે, અને શૈક્ષણિક કર્મચારીઓની જેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓને પણ નિવૃત્તિવય બાદ જે તે સત્રનાં અંત સુધીમાં ચાલુ રાખવાનો લાભ આપવાનો થાય છે. તેથી આવા બિનશૈક્ષણિક કર્મચારીઓ નિવૃત્તિવય બાદ સત્રાંત સુધી સેવામાં ચાલુ રાખવા પરંતુ તેમને નિવૃત્તિવય બાદથી સત્રના અંત સુધી કરેલ સેવા, ઈજાફો, પેન્શન, તેમ જ નિવૃત્તિ સહિતના અન્ય કોઈ લાભ માટે ગણતરીમાં લેવાના રહેશે નહિ.

3. ઉપરોક્ત સ્પષ્ટતા આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા 12-10-'97 ની નોંધથી મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે. તથા આ બાબતમાં સ્પષ્ટતા અભાવે બિનશૈક્ષણિક કર્મચારીઓના જે પેન્શનના કેસો પડતર છે અને તે પછીના કેસોને ઉપર મુજ વિનિયમિત કરી પેન્શનકેસોને નિકાલ કરવા જણાવવામાં આવે છે.

સહી, એન. એમ. ચૌધ
સેકશન અધિકારી,શિક્ષણ વિભા